# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 3(1)

**Corporator Name:** JANKIBEN JITUBHAI KATOLIYA - Corporator : Ward 09

**Question Subject:** RMC ની વિજિલન્સ વિભાગમાં કેટલાને કોન કોન અધિકારી હોય છે. વિજીલન્સ વિભાગ એ કઇ પ્રકારની કામગીરી કરી છે ને છેલ્લા ૨ (બે) વર્ષમાં કયાં કયાંને કઇ પ્રકારના સેમ્પલ લીધા તેમાં કેટલા નાપાસ થયા ને તેમાં કેટલાં કોન્ટ્રકટર ઉપર પગલાં લીધાને કેટલાં અધિકારીઓ પર કામગીરી કરી ને જે તપાસ દરમ્યાન સેમ્પલો રીજેકટ થાય તો કાયદાની જોગવાઈ મુજબ શું પગલાં લેવામાં આવે છે. જે વિજીલન્સ તપાસ સમીતી નક્કર કામગીરી કરેલ હોય તો જણાવવા વિનંતી.

**Department:** VIGILANCE (TECH) BRANCH,VIGILANCE BRANCH

**Ward:** OTHER

**Employee:** E3090-LALCHETA ASHVINKUMAR RATILAL,E3774-KATHAROTIYA BHARAT L.

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

## Answer Details:

રાજકોટ મહાનગરપાલિકાની વિજીલન્સ શાખામાં હાલ (૧) ચીફ વિજીલન્સ ઓફિસર (ઈ.ચા.) અને (૨) જુ. ક્લાર્ક - ૧ ફરજ બજાવે છે.

જે પ્રકરણોમાં વિજીલન્સ તપાસ કરવા અંગે નિર્ણય કરવામાં આવે, તે પ્રકરણોમાં વિજીલન્સ શાખા દ્વારા પ્રાથમિક તપાસ કરી તેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

ઉપરાંત ગુજરાત તકેદારી આયોગના રાજકોટ મહાનગરપાલિકાને લગત પ્રકરણોના અહેવાલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં સમયમર્યાદામાં રજુ થાય તે માટે, રાજકોટ મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સાથે સંકલનની કામગીરી વિજીલન્સ શાખા દ્વારા કરવામાં આવે છે.

KATHAROTIYA BHARAT L
SOLID WASTE MANAGEMENT - MANAGER
14-09-2026 04:31 PM

**Answer Details:**

- માન. કમિશનર સાહેબ ના તાબા હેઠળ કામ કરતાં વિજીલન્સ ટેકનિકલ વિભાગમાં હાલ નીચે મુજબના અધિકારી/કર્મચારી કામગીરી કરી રહેલ છે.

| ક્રમ | હોદો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નાયબ કમિશનરશ્રી | ૧ |
| ૨ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨ |
| ૩ | અધિક મદદનીશ ઈજનેર | 3 |
| ૪ | વર્ક આસિસ્ટન્ટ | ૧ |

- વિજીલન્સ ટેકનિકલ વિભાગની કામગીરીમાં રાજકોટ મહાનગરપાલિકા હસ્તક ચાલુ જુદા જુદા ટેન્ડર વર્કના ચાલુ કામો ઉપરથી આગળના દિવસે/સવાર ના ટાઈમમાં શરૂ થનાર જેતે કામમાટે સાઈટ ટેકનીકલ સ્ટાફ દ્વારા મેસેજથી વિજીલન્સ ટેકનિકલ ટીમને જાણ કરવામાં આવે છે ત્યારબાદ સરપ્રાઈઝલી આવી સાઈટ ઉપરથી કોન્ક્રીટ કામ, સ્ટીલ, ડામર કામ તથા પેવિંગ બ્લોક ના રેન્ડમલી સેમ્પલ લેવામાં આવે છે તથા આ સેમ્પલ્સ નું રા.મ.ન.પા. હસ્તકની લેબમાં વિજીલન્સ ટેકનિકલ ટીમ દ્વારા ટેસ્ટીંગ કરવામાં આવે છે તથા જરૂરિયાત મુજબ સરકારી/સરકાર માન્ય NABL એપ્રુડ લેબ માં પણ વિજીલન્સ ટેકનીકલ વિભાગ ના સ્ટાફની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે તેમજ અન્ય જે કોઈ કામ બાબતની ટેકનીકલ તપાસ માન. કમિશનર સાહેબ દવારા સોંપવામાં આવે તેનો રીપોર્ટ માન. નાયબ કમિશનરશ્રી (ઇસ્ટ ઝોન નાયબ કમિશનરશ્રી) મારફત કમિશનર સાહેબને રિપોર્ટ કરવામાં આવે છે.
- ગત બે વર્ષ (૦૧-૦૯-૨૦૨૪ થી ૩૧-૦૮-૨૦૨૬) માં ડામર કામોમાં લેવાયેલ ૩૨૦૪ સેમ્પલ પૈકી ૩૦ ફેઈલ તથા ૧૦૫ ટોલરન્સમાં આવેલ કામો પર કુલ રૂ. ૩૯,૫૪,૫૪૨/- પેનલ્ટી, પેવીંગ બ્લોક કામોમાં કુલ લેવાયેલ ૪૨૯ સેમ્પલ પૈકી ૧૧ ફેઈલ તથા ૯૬ ટોલરન્સમાં આવેલ સેમ્પલો માટે કુલ રૂ. ૧,૧૦,૨૯,૭૩૧/- પેનલ્ટી, વિવિધ કામો ઉપરથી લેવામાં આવેલ સ્ટીલ બારના ૨૧૧ સેમ્પલ પૈકી ૮ ફેઈલ આવેલ કેસ બાબતે આગળની કાર્યવાહી ચાલુ છે તથા કોન્ક્રીટ કામોમાં લેવાયેલ ૨૫૪૭ કોન્ક્રીટ ક્યુબ સેમ્પલ માંથી ફેઈલ આવેલ ૧૬૫ સેમ્પલ પૈકી ૪૪ કેસમાં આગળની IS code/પરીપત્ર મુજબની વધારાના ટેસ્ટિંગની કાર્યવાહીમાં PASS આવેલ છે, ૩૭ કેસમાં કુલ રૂ. ૨૨,૭૧,૮૪૦/- પેનલ્ટી, ૨૩ કામો નું કોન્ક્રીટ કામ દૂર કરી ફરીથી નવું કોન્ક્રીટ કામ કરેલ છે તથા ૭ કામોમાં સ્ટ્રેન્ધનીંગ કરેલ છે / પ્રક્રિયા ચાલુ છે તેમજ હાલમાં ૫૪ વિવિધ કામોના કેસમાં આગળની IS code/પરીપત્ર મુજબની આગળની કાર્યવાહી ચાલુ છે. કોન્ક્રીટ રોડ (PQC) કામોમાં લેવાયેલ ૮૪ સેમ્પલ માંથી ફેઈલ આવેલ ૭ સેમ્પલ પૈકી ૩ કેસ માં આગળની IS code/Morth મુજબની વધારાના ટેસ્ટિંગની કાર્યવાહીમાં PASS આવેલ છે, ૧ કેસમાં કુલ રૂ. ૧૪,૦૫૧/- પેનલ્ટી તથા ૩ કેસ માં આગળની કાર્યવાહી ચાલુ છે.
- ઉપરોક્ત વિગતે જે સેમ્પલો REJECT (ફેઈલ) આવે તેવા કિસ્સાઓમાં જે તે કામો માટે ફેઈલ/ ટોલરન્સમાં આવતા સેમ્પલ માટે નિયત પરિપત્ર મુજબ આગળની કાર્યવાહી માટે માન.

નાયબ કમિશનરશ્રી (ઇસ્ટ ઝોન નાયબ કમિશનરશ્રી) મારફત માન. કમિશનર સાહેબને રિપોર્ટ કરવામાં આવે છે અને તેમની મંજૂરી મેળવી પરિપત્ર ની જોગવાઈ મુજબ એજન્સીને પેવીંગ બ્લોક અને ડામર કામ માટે પેનલ્ટી/ નો પેમેન્ટ તેમજ કોન્ક્રીટ કામોમાં આગળની IS code/પરીપત્ર મુજબની વધારાના ટેસ્ટિંગની કાર્યવાહી માટે લગત વિભાગને મોકલવામાં આવે છે અને તેમાં મળતા રીઝલ્ટ મુજબ સ્ટ્રક્ચર એન્જીનીયરના તથા લગત વિભાગના અભિપ્રાય અનુસાર કોન્ક્રીટ દૂર કરવા, સ્ટ્રેન્ધનીંગ કરવા, રીડ્યુસ રેઈટ/નો પેમેન્ટ કરવા સહિતની આગળની કાર્યવાહી માન. નાયબ કમિશનરશ્રી મારફત માન. કમિશનર સાહેબની મંજુરી મેળવીને કરવામાં આવે છે. આમ, વિજીલન્સ ટેકનીકલ વિભાગ દ્વારા ઉપરોક્ત વિગતે આ સેમ્પલ્સ રેન્ડમલી લેવામાં આવતા હોય તે પૈકી ફેઈલ આવતા સેમ્પલ્સમાં પરીપત્રની જોગવાઈ મુજબ એજન્સી ઉપર ઉપરોક્ત વિગતે જણાવ્યા મુજબ પેનલ્ટી સહીતના પગલાં લેવામાં આવે છે.

- હાલ માં વિજીલન્સ ટેકનીકલ વિભાગ માં અલગ થી કોઈ વિજીલન્સ તપાસ સમીતી કાર્યરત નથી.

LALCHETA AR
BANDHKAM - ASSISTANT TOWN PLANNER CIVIL 17-09-2026 04:39 PM